# ડીસીએમ શ્રીરામ લિમિટેડના ઝગડીયા સ્થિત શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ પ્લાન્ટ દ્વારા પર્યાવરણ સાતત્ય માટે અનોખી પહેલ

ઝગડીયા,તા.૧૪

ડીસીએમ શ્રીરામ લિમિટેડના ઝગડીયા સ્થિત શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ પ્લાન્ટ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે તારીખ ૨૭-૦૫-૨૦૧૯ થી ૧૧-૦૬-૨૦૧૯ સુધી પર્યાવરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી.

સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને યુનિટ હેડ શ્રી કે આર વૈદ્ય દ્વારા કંપની દ્વારા પર્યાવરણની જાળવણી માટે લેવામાં આવતા વિવિધ પગલાંઓ જેવાં કે શૌચાલયોના બાંધકામ દ્વારા ગામને ખુલ્લામાં શૌચ મુક્ત કરવું, ફુલવાડી અને કપલસાડી ખાતે ખેત વિસ્તારમાં વરસાદી પાણીના સંચય માટેના ૩૫ યુનિટ બનાવવામાં આવ્યા, વિ. ઉપર માહિતી આપવામાં આવી. વધુમાં, કંપની દ્વારા ગ્રામ્ય લોકોના આરોગ્ય હેતુ કેમ્પનું આયોજન, શિક્ષણ હેતુ શિષ્યવૃત્તિ વિતરણ ઉપરાંત આવનારા દિવસોમાં ભરૂચ શહેર ખાતે શરુ કરવામાં આવનાર વિવિધ પહેલો વિષે જાણકારી આપવામાં આવી. આ ઉપરાંત જીઆઈડીસી દ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ ઉપર વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન લગભગ ૫૦૦૦ વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું તેમજ ૬૫૦૦ જેટલા ઝાડ ઉછેરવા અંગે કંપનીની પ્રતિબદ્ધતા જણાવી હતી.

પર્યાવરણ પખવાડિયાની ઉજવણીને અનુસંધાને શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ દ્વારા વિવિધ કાર્યક્રમો જેવાં કે ૧૦૦ વૃક્ષોની વાવણી, પ્લાન્ટના સભ્યો તેમજ કોન્ટ્રાક્ટ વર્કર્સ માટે પર્યાવરણ વિષય ઉપર પ્રશ્નોત્તરી સ્પર્ધા, પર્યાવરણ જાગૃતિ સંદર્ભે તાલીમ, પોસ્ટર્સ તેમજ શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, વિગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૧૧ જુન ના રોજ કંપનીના સભ્યો દ્વારા જીઆઈડીસી દ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ ખાતે શ્રી આર.બી. ત્રિવેદી, આર.ઓ., જીપીસીબીની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી જેમાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી), ગુજરાત ઇન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીઆઈડીસી), ઝગડીયા ઇન્ડસ્ટ્રીઅલ એસોસિએશનના અધિકારીઓ ઉપરાંત નજીકની કંપનીઓના પ્રતિનિધિઓ, નજીકના ગામોના સરપંચ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે, શ્રી આર બી ત્રિવેદી દ્વારા ગ્રામજનો તેમજ હાજર તમામને પર્યાવરણના રક્ષણ હેતુ કુદરતી સંશાધનોની જાળવણી અને તેના વિવેકપૂર્ણ ઉપયોગ માટે સલાહ આપવામાં આવી.